# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

## નોવેલ કોરોના વાઇરસ COVID-19ની જાગૃતતા સંદર્ભે તથા માનસિક સ્વાસ્થ્ય હેલ્પલાઇન બાબત

પરિપત્ર:

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રનાં વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા તમામ અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને જણાવવાનું કે નોવેલ કોરોના વાઇરસ COVID-19 કે જેને WHO ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાઇરસ COVID-19નાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય અને સંક્રમણ વધવાની પરિસ્થિતિમાં સૌ કોઈ જરૂરિયાત વગર ઘરની બહાર ના નીકળે, સલામત રહે તથા પરિવારને પણ સલામત રાખે અને તમામ જનજીવનનું આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે તે ખુબજ જરૂરી છે.

હાલ વિશ્વમાં આજે કોરોનાની આ મહામારી ના કારણે આપણે સૌ કોઈ આ મહામારી સામે સંઘર્ષ કરી રહ્યા છીએ. સતત કોરોના વાઈરસનાં નેગેટીવ વિચારો/સમાચારો/પારિવારિક પ્રશ્નો વગેરે થકી કોરોના વાયરસનો ડર ઘણી બધી સમસ્યાઓ ઉત્પન્ન કરી રહ્યો છે. લોકોમાં ચીડિયાપણું, એકલતા, બેચેની, નિરાશા, ગુસ્સો, આક્રમકતા, અનિંદ્રા, અતિ ખોરાક, વગેરે જેવી અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે. આ સમસ્યા નિવારવા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ધ્વારા માનસિક સ્વાસ્થ્ય હેલ્પલાઇન વર્ષ:૨૦૨૦માં શરૂ કરવામાં આવેલ હતી. જે હાલ પણ કાર્યરત છે અને સામાન્ય જનજીવન માટે માનસિક પ્રશ્નોનાં નિવારણ માટે કટિબદ્ધ છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજનાં નીચે દર્શાવેલ અધ્યાપકો ધ્વારા કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આપ સર્વે પોતાની માનસિક સમસ્યાઓ અંગે કાઉન્સેલિંગ મેળવી શકો છો.

### સ્વસ્થ મન થકી સ્વસ્થ વ્યક્તિ-સમાજ-રાજ્ય-દેશ અને વિશ્વ એ જ અમારું ધ્યેય:

### હેલ્પ લાઈન નંબર

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ.રાજેશભાઈ ડોડીયા – ૯૮૭૯૪૮૮૨૮૧ | ૬ | ડૉ.મહેશભાઈ મહેતા – ૯૯૦૯૧ ૮૪૪૨૩ |
| ૨ | ડૉ. દિનેશભાઈ ડઢાણીયા – ૯૮૨૫૬૨૫૦૫૮ | ૭ | ડૉ.ભરતભાઈ જોષી – ૯૮૨૫૫ ૯૦૪૫૫ |
| ૩ | ડૉ. રતનબેન સોલંકી- ૯૨૭૪૮ ૫૦૯૪૩ | ૮ | ડૉ.શારદાબેન વિરાણી- ૯૮૭૯૪૮૬૭૯૮ |
| ૪ | શ્રી અર્જુનભાઈ ચોચા – ૯૪૨૭૧૮૪૬૬૯ | ૯ | ડૉ.મશરીભાઈ નંદાણીયા- ૯૪૨૭૪ ૨૩૪૦૩ |
| ૫ | ડૉ.જે.એ.સોજીત્રા – ૯૦૩૩૪૧૨૨૬૫ | ૧૦ | ડૉ.વિજયભાઈ પંડ્યા – ૯૯૦૯૨ ૩૦૬૮૨ |

નોંધ : આ હેલ્પલાઈન માત્ર કોરોના પ્રભાવિત માનસિક સમસ્યાઓ નિવારવા માટે શરૂ કરવામાં આવી છે. તે સિવાયની બાબતો માટે રાજ્ય સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર નજીકનાં આરોગ્ય કેન્દ્ર ઉપર અથવા વહીવટી તંત્રનો સંપર્ક કરવો.

કા.કુલસચિવ

નં.બીકેએનએમયુ/રજી./૧૧૦/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ. તા: ૨૦/૦૪/૨૦૨૧

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રનાં વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા તમામ અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો તરફ